# સોફ્ટ વન એન્ટરપ્રાઇઝ

## ગ્રાહકોની માહિતી અપડેટ કરવા અંગે માર્ગદર્શન

આ પ્રોગ્રામ (Debtor Master Updation) દ્વારા, કોઇ પણ વર્ષમાં કોઇ પણ ફર્મનાં ગ્રાહકોની માહિતી જેમ કે એડ્રેસ, વેટ ટીન નંબર અને અન્ય માહિતી અપડેટ કરી શકાશે.

Target Year સામે જે વર્ષનું તેમ જ Target Firm સામે જે ફર્મનું ગ્રાહક માસ્ટર અપડેટ કરવું હોય તે જણાવો.

Source Year સામે જે વર્ષની તેમ જ Source Firm સામે જે ફર્મની ગ્રાહક માસ્ટરની માહિતીનો ઉપયોગ, ટાર્ગેટ ફાઇલની માહિતીને અપડેટ કરવા કરવો હોય, તે જણાવો.

દા.ત. ધારો કે તમે વર્ષ ૨૦૧૧માં ABC & Co માં જાતે જ ગ્રાહક માસ્ટરની ઉપલબ્ધ માહિતી દાખલ કરી લીધી છે અને હવે, આ જ માહિતી ABC & Co માં વર્ષ ૨૦૧૨માં પણ દાખલ કરવા માંગો છો. સ્વાભાવિકપણે, બીજી વાર જાતે માહિતી દાખલ કરવા કરતાં, અગાઉ એક વાર દાખલ કરેલ માહિતીનો ઉપયોગ કરીને આપમેળે માહિતી અપડેટ કરવાનું વધુ સરળ અને ઝડપી થશે. આમ કરવા માટે, Target Year સામે ૨૦૧૨, Target Firm સામે ABC & Co, Source Year સામે ૨૦૧૧ અને Source Firm સામે ABC & Co જણાવી આગળ વધવું. એવી જ રીતે, જો તમે, વર્ષ ૨૦૧૧માં ABC & Co ના ગ્રાહક માસ્ટરની માહિતીના ઉપયોગ દ્વારા, વર્ષ ૨૦૧૧ અથવા ૨૦૧૨ માં અન્ય ફર્મ (ધારો કે XYZ & Co) માં આપમેળે માહિતી અપડેટ કરવા માગતા હો તો, Target Year સામે ૨૦૧૧ અથવા ૨૦૧૨, જે લાગુ પડતું હોય તે, Target Firm સામે XYZ & Co, Source Year સામે ૨૦૧૧ અને Source Firm સામે ABC & Co દાખલ કરી આગળ વધો.

આમ, આ રીતે, આ પ્રોગ્રામ દ્વારા કોઇ પણ વર્ષની કોઇ પણ ફર્મની ગ્રાહકની માહિતી અપડેટ કરી શકાશે. તેમ જ માહિતી અપડેટ કરવા, કોઇ પણ વર્ષની કોઇ પણ ફર્મની ગ્રાહકની માહિતીનો ઉપયોગ કરી શકાશે.

ત્યાર બાદ જે માહિતી જેવી કે એડ્રેસ, વેટ ટીન નંબર, વગેરે અપડેટ કરવી હોય તે પસંદ કરો. શરૂઆતમાં તમામ માહિતી અપડેટ કરવાના વિકલ્પો

પસંદ કરેલા હશે. **સ્પેસબારના** ઉપયોગ દ્વારા, આવશ્યકતા અનુસાર, અપડેટ કરવા પાત્ર માહિતી પસંદ અથવા નાપસંદ કરી શકાશે.

ત્યાર બાદ દરેક માહિતી માટે અપડેટ કરવાનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. જો તમે ટાર્ગેટ ફાઇલમાં, પહેલેથી હાજર રહેલ માહિતીને બદલવા ન ઇચ્છતા હો તો, "only if blank in target" વિકલ્પ પસંદ કરવો. પરંતુ, જો એવી કોઇ કાળજી રાખ્યા વગર તમામ ગ્રાહકોની સંબંધિત માહિતી અપડેટ કરી નાખવી હોય તો "Always" વિકલ્પ પસંદ કરવો. શરૂઆતમાં તમામ માહિતી માટે "only if blank in target" વિકલ્પ પસંદ કરેલો હશે જે **સ્પેસબારના** ઉપયોગ દ્વારા બદલી શકાશે.

જુદી જુદી માહિતી માટે, માહિતી અપડેટ કરવાના અલગ અલગ વિકલ્પ પણ પસંદ કરી શકાશે. દા.ત. ટેલિફોન નંબર માટે "only if blank in target" વિકલ્પ અને વેટ ટીન નંબર માટે "Always" વિકલ્પ આવશ્યકતા મુજબ પસંદ કરી શકાશે.

ત્યાર બાદ **F5** અથવા **Ctrl+W** દબાવી આગળ વધવું.

નામ અને ઠેકાણા દ્વારા મેચ થતા ગ્રાહકોની પસંદ કરેલ માહિતી પોતાની મેળે અપડેટ થઇ જશે. નામમાં અથવા ઠેકાણામાં લેશમાત્ર પણ ફરક હશે તો માહિતી અપડેટ નહીં થાય. દા.ત. "ABC Stores." અને "ABC Stores" જુદા ગણાશે. જે ગ્રાહકના બન્ને ફાઇલો (સોર્સ અને ટાર્ગેટ)માં એક એક રેકોર્ડ હશે તેની માહિતી પોતાની મેળે અપડેટ થશે.

પરંતુ, જે ગ્રાહકનાં સોર્સ ફાઇલમાં અથવા ટાર્ગેટ ફાઇલમાં અથવા બન્ને ફાઇલોમાં એકથી વધારે રેકોર્ડ હશે તો તેમની વિગતો, તેમની પુર્ણ માહિતી સહિત, સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવશે. ટાર્ગેટ ફાઇલના રેકોર્ડનું, સોર્સ ફાઇલના રેકોર્ડ સાથે મેચિંગ તમારે જાતે કરવું પડશે. **સ્પેસબારના** ઉપયોગ દ્વારા, ટાર્ગેટ ફાઇલ અને સોર્સ ફાઇલમાંથી મેચિંગ કરવાના રેકોર્ડ વારાફરતી પસંદ કરવાના રહેશે. પસંદ કરેલ રેકોર્ડમાં નામની ડાબી બાજુમાં ટપકાનું નિશાન દર્શાવવામાં આવશે. ત્યાર બાદ **U** કી દબાવી માહિતી અપડેટ કરી લેવી. અન્યથા, જો યોગ્ય જણાય તો, **Esc** કી દ્વારા આવા ગ્રાહકોની માહિતી અપડેટ કરવાનું ટાળી શકાશે.

અપડેશન પુર્ણ થયા બાદ ગ્રાહકોના નામ સામે અપડેટ થયેલ માહિતીનો રિપોર્ટ દર્શાવાશે.

**<u>એકથી વધારે રેકોર્ડસ ધરાવતા ગ્રાહકના રેકોર્ડસ સરખા કરવા ટિપ્પણી:</u>**
આવા રેકોર્ડસનું નીચે જણાવ્યા પ્રમાણે સમાધાન કરવું.

૧.જો એક જ ગ્રાહકના એકથી વધારે રેકોર્ડસ ખુલી ગયા હોય તો તેમને તે વર્ષના પ્રોગ્રામમાં જઇ મર્જ કરી નાખવા.

૨.એકસરખું નામ અને ઠેકાણુ ધરાવતા ગ્રાહકોના એકથી વધારે રેકોર્ડસ હોવાની પણ શકયતા છે. આવા કિસ્સાઓમાં તેમના નામ અથવા ઠેકાણા અથવા બન્નેમાં મામુલી સુધારા કરી તેમને અલગ કરી શકાય. દા.ત. “ABC Stores” નામ ધરાવતા બે ગ્રાહકો "Andheri" માં હોય તો, તેમાંના એકનું ઠેકાણુ "Andheri-W" અથવા "Andheri." કરી શકાય અથવા નામના અંતમાં એક ટપકું મુકી શકાય. **ખાસ નોંધ**: ગ્રાહકોના રેકોર્ડસ અલગ કરવા માટેના આવા સુધારા ગ્રાહક માસ્ટરમાં Edit વિકલ્પના ઉપયોગ દ્વારા બિલકુલ કરવા નહીં. પરંતુ, વર્તમાન વર્ષના વેચાણ બિલો માટે Sales Entry, અગાઉના વર્ષોના બાકી રહેલા બિલો માટે Old Sales Bills Entry અને પાછા ફરેલ ચેકો માટે Cheque Return Entry મોડ્યુલ દ્વારા આવા સુધારા કરવા.